

શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

સપ્ટેમ્બર-૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

સપ્ટેમ્બર, ૨૦૨૪

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ આયોજિત

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

પાવનકારી પદયાત્રા

200 દ્વિશતાબ્દી મહોત્સવ 7 to 15 Nov. 2024



પાવનકારી પદયાત્રા

## કુંડળધામ થી ગઢપુરધામ



WATCH VIDEO









: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ ભાદરવા સુદ-૨, તા.૦૫/૦૯/૨૦૨૪ ગુરુવાર



www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


WATCH VIDEO

## અનુક્રમણિકા


3 માનની ભયંકરતા
- પ.પૂ.શ્રીગુરુજી

4 હરિનામ શ્રવણનો પ્રતાપ !
- પ.પૂ.શ્રીગુરુજી

6 કૃપાની કમાલ કેવી ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 લખાણ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 ભાવને વશ ભગવાન...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 ભગવદ્ધામમાં સોય લઈ જશો ?
- સાધુ અનાદિસ્વરૂપદાસ

11 પ્રેમ કે પ્રેશર..?
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

12 સત્સંગ એટલે શું ?
- સાધુ પ્રસન્નવદનદાસ

14 કર્તા અને માધ્યમને સમજીએ...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

16 ચાંદ્રાયણનાં ચોંકાવનારાં તથ્યો...
- પ.ભ.ડો.શ્રીવનરાજભાઈ ડોડિયા

21 સત્સંગ સમાચાર


### સત્સંગ સુધા

નારાયણ નામનો મહિમા છે એવો, વારમવાર જિહ્વાએ કરી લેવો;
નારાયણ કે'તાં ચાલ્યા જે જાય, ડગલે ડગલે યજ્ઞ ફળ થાય.
સ્વામિનારાયણ કે'તાં જમે અન્ન, ગ્રાસે ગ્રાસે તો તેને જગન;
નારાયણ કે'તાં લે છે જે તાળી, પાપ ઉરનાં દે છે પ્રજાળી.

કાવ્યકૃપા

# માનની ભયંકરતા

ગુણની ભેગું આવે છે, દિલમાં છૂપું માન;
તેને ઓળખી ટાળતા, જ્ઞાન મળે ભગવાન...૦૧
માન નડે છે સર્વને, સદા સર્વથા જ્ઞાન;
તેનાથી બહુ દુઃખી છે, સહુ થાય છે હેરાન...૦૨
સંત મળે ભગવાન મળે, તોય ન ટળે માન;
સંત હરિને મૂકી દે, માન ન મૂકે જ્ઞાન...૦૩
માનથી સત્સંગ તજ્યો, તજ્યા પ્રગટ ભગવાન;
એટલા બીજા દોષથી, નથી તજી ગયા જ્ઞાન...૦૪
ખોટા ઠરાવ કરાવે, મનમાં પડેલ માન;
જ્ઞાન તેથી જ થાય છે, જ્યાં ત્યાં બહુ અપમાન...૦૫
માની હોય તે અવળું લે, ન લે સવળું જરાય;
જ્ઞાન તેથી જ્યાં ત્યાં તે, સદાય દુઃખી થાય...૦૬
માની હોય તે ટકે નહિ, સત્સંગમાં સદાય;
જ્ઞાન વહેલો મોડો તે, સત્સંગ છોડી જાય...૦૭
માનીને મનાવે છે, દયાળુ હરિ ને સંત;
જ્ઞાન તોય તે માને નહિ, કરે મોક્ષનો અંત...૦૮
માટે માન મૂકીને, રહેવું અતિ નિર્માન;
જે જે માન રાખે છે, તેમાં નથી કંઇ જ્ઞાન...૦૯
જ્ઞાની એને જાણવો, રહે દાસનો દાસ;
એવા સંતો-ભક્તોમાં, જ્ઞાન થાય હરિ વાસ...૧૦

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૮૦, પોષ વદ-૧૩ તા.૮/૨/૨૦૨૪, કુંડળધામ







કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ
તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર,
કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# હરિનામ શ્રવણનો પ્રતાપ !

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! ઈમામ શાહ નામે એક મુસ્લિમ કવિ થઈ ગયા, એને એક વાત બહુ સરસ લખી છે...

**અમી પીધે વિષ ઉતરે, જળ પીધે તરસ બુઝાય રે;**
**ભોજન લીધે જેમ ક્ષુધા ભાંગે, તેમ હરિનામે પાતક જાય રે.**

અમૃત પીએ તો ઝેર ઊતરી જાય, પાણી પીએ તો તરસ જાય, ભોજન લ્યો તો ભૂખ મટે; તેમ હરિનામે પાતક જાય, જાય ને જાય જ; માટે ભજન કરો.

વહાલા ભક્તો ! હરિદાસ ઠાકોર નામના એક સંત થઈ ગયા. એમનો જન્મ ઈ.સ.૧૪૫૧માં બાંગ્લાદેશમાં ખુલાના જિલ્લાના બુરોન ગામમાં થયો. પૂર્વના સંસ્કારવશાત્ એમને બાળપણથી જ હરિનામમાં બહુ અનુરાગ હતો. હિંદુ ધર્મ, હિંદુ ધર્મનાં શાસ્ત્રો એમને બહુ ગમતાં. ભગવાન રામ, કૃષ્ણની કથા બહુ ગમતી હતી. પ્રભુમાં બહુ પ્રેમ હતો. ભગવન્નામ-સ્મરણમાં હરિદાસને બહુ જ તાન જાગ્યું. છેવટે તેઓ ઘરમાં રહી શક્યા નહિ અને ઘર છોડી જંગલમાં એક ઝૂંપડી બાંધી હરિનામ-સ્મરણ કરવા લાગ્યા. વસ્તીમાં જઈ એક વાર ભિક્ષા માગી લાવતા.

કુટિયાની બહાર એમણે એક તુલસીનો છોડ વાવ્યો અને તુલસીની સામે દરરોજ ત્રણ લાખ કૃષ્ણ મંત્ર જપતા. એ જપ પૂરા થાય પછી જ સૂવું; આવો નિયમ લીધેલો. રાત-દિવસ મંત્રોચ્ચાર કર્યા જ કરે. એમના ભજનથી કેટલાક લોકોને બહુ મોટું આકર્ષણ થયું. ત્યાંની વસ્તીમાં એમના ભજનનાં વખાણ થવા માંડ્યાં.

આ જિલ્લાનો રાજા હતો : રામચંદ્રખા. એને આ ઠાકોરની ઈર્ષ્યા થઈ. એ હરિદાસની ખ્યાતિ સહન ન કરી શક્યો. એને એમ થયું કે, એ બાવાનાં વખાણ ! આમ ને આમ જો એ અહીં જપ કરતો રહેશે તો ઝાઝી પબ્લિક એને વશ થઈ જશે, માટે આને ભ્રષ્ટ કરી બદનામ કરવો જોઈએ, જેથી લોકો એમાંથી પાછા વળે. પછી તેણે હરિદાસને આબરૂ રહિત કરવાનો પ્લાન કર્યો.

તેણે એક વેશ્યાને બોલાવીને કહ્યું , 'તારે મારું એક કામ કરવાનું છે. જંગલમાં એક હરિદાસ ઠાકોર નામનો ભગત રહે છે. તેને તેના ધર્મમાંથી તારે ભ્રષ્ટ કરવાનો છે. જો તું એને બદનામ કર, તો તને મોં માગ્યા રૂપિયા આપીશ.' વેશ્યાએ હા પાડી, ત્યારે રામચંદ્રખાએ કહ્યું, 'તો સાંભળ, હું મારા સિપાઈને તારી સાથે મોકલીશ અને જ્યારે એ હરિદાસ ઠાકોરને તારી સાથે અયોગ્ય રીતે જોશે ત્યારે તે તરત જ તેની ધરપકડ કરશે.'

વેશ્યાએ કહ્યું, 'મારે માટે આ આખી યોજના સાવ નવી છે. મેં એમને કોઈ દિવસ જોયા નથી, જાણ્યા નથી અને હું સિપાઈને લઈને ત્યાં જાઉં તો સંભવ છે કે હું ફેઈલ પણ થાઉં, માટે એક વાર હું એકલી એમને મળવા જાઉં. પછી મારી સાથે તમે સિપાઈને જરૂર મોકલી શકો છો.' રામચંદ્રખા કહે કાંઈ વાંધો નહીં.

પછી આ વેશ્યા જંગલમાં જ્યાં હરિદાસજી હરિસ્મરણ કરે છે ત્યાં પહોંચી. તેણે પોતાના હાવભાવથી હરિદાસને આકર્ષવાનું શરૂ કર્યું.

હરિદાસ તો ભગવાનનું સ્મરણ કરે છે. જ્યારે એમણે કાંઈ ધ્યાન આપ્યું નહીં, ત્યારે એ વેશ્યા મધુર વાણીમાં કહેવા લાગી, 'અરે ઓ મારા પ્રિય !

તમે ખૂબ સુંદર છો, તમે મને બહુ વહાલા લાગો છો. તમે મારા હૃદયસમ્રાટ છો. ખરેખર મારું મન તમારામાં લોભાઈ ગયું છે. આપ મારો સ્વીકાર કરો.'

ત્યારે હરિદાસ ઠાકોરે એને જવાબ આપ્યો, "એ માટે પહેલાં તારે મારી એક શરત માનવી પડશે." તો કહે, 'બોલો ને.' હરિદાસ કહે, "મારે અમુક સંખ્યામાં રોજે રોજ ભગવાનના નામ જપ કરવાનો નિયમ છે. એ નિયમ પૂરો થાય ત્યાં સુધી તું અહીં બેઠી બેઠી મંત્ર સાંભળ. પછી આપણે આગળ વિચારીશું." વેશ્યા કહે, 'મંજૂર.' આમ કહીને બેઠી.

સાંજે પૂગેલી અને સવાર સુધી એણે હરિનામ સ્મરણ જપ સાંભળ્યા. જ્યારે સવાર થયું ત્યારે હરિદાસે એને કહ્યું કે, "મારો નામ જપનો નિયમ હજુ પૂરો નથી થયો, માટે તું આજે સાંજે ફરીને આવજે. પછી તે વેશ્યા ઊભી થઈને જતી રહી."

સાંજે તે વેશ્યા ફરી આવી. હરિદાસે આજે પણ મંત્રજાપનો નિયમ શરૂ કર્યો અને માંડ્યા ભજન કરવા. આ રાત્રે પણ વેશ્યાએ આખી રાત હરિદાસના મુખમાં બોલાતા પરમાત્માનાં પવિત્ર નામને સાંભળ્યાં. સવારે હરિદાસ ઠાકોરે કહ્યું, "હે નારી ! મેં આ મહિને કૃષ્ણના દસ કરોડ નામ જપવાનો નિયમ લીધો છે, તે આજે પૂર્ણ થઈ જશે; માટે આજે સાંજે તું ફરીને આવજે." ત્રીજે દિવસે પણ વેશ્યા આવી ગઈ અને નામ સાંભળવા બેસી ગઈ.

સતત ત્રણ રાત્રી ભગવાનનું નામ સાંભળતાં, હરિદાસનાં પવિત્ર દર્શન કરતાં અને એમની નિર્મળતાની ઝાંખીમાં આભી બનેલી આ વેશ્યાનું અંત:કરણ ચોથી સવારે શુદ્ધ થઈ ગયું ! એનો કામ બળી ગયો. ભજનની તાકાત, સ્મરણની તાકાત, સંયમી જીવનની તાકાત, ભગવદ્આશ્રયની તાકાત ! વેશ્યા મટીને એ સતી બની ગઈ અને એના હૃદયમાં પસ્તાવાનો અગ્નિ પ્રજ્વલિત થયો. એ પોક મૂકીને રડવા લાગી. હરિદાસ ઠાકોર કહે, "કેમ રડે છે ?" વેશ્યા કહે, 'માફ કરજો. આપ જેવા મહાન ભગવદ્ભક્તને હું ધર્મભ્રષ્ટ કરવા આવી હતી. આ ષડયંત્રની રચના રામચંદ્રખાએ કરી છે.'

હરિદાસ ઠાકોર કહે, 'તું ચિંતા કર મા, હું રામચંદ્રખાના કાવતરા વિશે બધું પહેલેથી જ જાણું છું. એ અજ્ઞાની છે તેથી તેની પ્રવૃત્તિઓ મને દુ:ખી કરી શકતી નથી !'

જો આપણે જ્ઞાની હોઈએ તો અજ્ઞાનીની પ્રવૃત્તિઓ આપણને દુ:ખી ન કરી શકે. અજ્ઞાનીની પ્રવૃત્તિ અજ્ઞાનીને જ દુ:ખી કરે. જ્ઞાની એટલી બધી ઊંચાઈએ હોય છે કે અજ્ઞાનીએ ઉછાળેલો કાદવ ત્યાં સુધી કદી પહોંચતો નથી.

હું બધું જાણતો હોવા છતાં પ્રભુનું પવિત્ર નામ તને સંભળાવીને તારી બુદ્ધિ શુદ્ધ કરવા, તારા ઉદ્ધાર માટે જ હું અહીં રોકાયો હતો." ત્યારે વેશ્યાની આંખમાંથી આંસુડાની ધાર થઈ. એક પવિત્ર ભગવદ્ભક્તની કેટલી ઊંચાઈ હોય છે ! એનો એ વેશ્યાને આજે અનુભવ થઈ ગયો અને રડતી રડતી કહે, 'ઠાકોર ! કૃપા કરીને આપ મારા આધ્યાત્મિક ગુરુ બનો. મને મોક્ષનો ઉપાય બતાવો.'

ઠાકોરે કહ્યું, "એક કામ કર. તું ઘરે જા અને તારી પાપમાંથી કમાયેલી તમામ મિલ્કતને દાનમાં દઈ દે. બધું બ્રાહ્મણોને વહેંચી દે અને પછી આ કુટીરમાં પાછી આવી હંમેશાં કૃષ્ણનું ભજન કર."

પછી તરત જ વેશ્યાએ એના ગુરુની આજ્ઞા મુજબ બધી સંપત્તિ બ્રાહ્મણોને વહેંચી દીધી, માથું મુંડાવી નાખ્યું અને જંગલમાં આવી પોતાના ગુરુની પ્રસાદીભૂત ઝૂંપડીમાં આવીને રહી. ગુરુ તો ત્યાંથી જતા રહ્યા. એણે ગુરુને પગલે ચાલીને દરરોજ 'હરે કૃષ્ણ...હરે કૃષ્ણ' નામના ત્રણ લાખ મંત્ર જપવાનો નિયમ શરૂ કરી દીધો. આ વેશ્યા પણ પરમ પવિત્ર ભક્ત બની ગઈ, પરમાત્માને પામી ગઈ.

વહાલા ભક્તો ! જો એક વેશ્યા ભગવન્નામ-સ્મરણથી પોતાના આત્માનું કલ્યાણ કરી શકતી હોય, તો આપણે ભગવાનનો મહિમા સમજીને જો સ્મરણ કરવા માંડીએ તો આપણું કલ્યાણ કેમ ન થાય ? આપણને ભગવાન કેમ ન મળે ? મળે જ, પણ એટલી તીવ્ર શ્રદ્ધા જોઈએ. ●●●

INDEX



# કૃપાની કમાલ કેવી ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણે પ્રાયઃ ભૂતકાળની ભૂલોમાં કે ભવિષ્યકાળના ભયમાં ફફડી રહ્યા હોઈએ છીએ. વ્યાવહારિક કે આધ્યાત્મિક ઉદ્વેગમાં અશાંત રહીએ છીએ. ધાર્યું ધન ન મળે, મનધાર્યું કરવા ન મળે કે અણધારી આફત આવી પડે ત્યારે ઉપાધિરૂપી અગ્નિમાં સળગી ઊઠીએ છીએ.

જો આપણી ઇચ્છા મુજબ સફળતા મળ્યા કરતી હોય તો બીજાની ઈર્ષા કે સ્પર્ધામાં બળ્યા કરીએ છીએ. બીજા કોઈ આગળ નીકળી જશે તો ? હું ફરી પાછળ રહી જઈશ તો ? આવી ચિંતા સતત સતાવ્યા કરતી હોય છે. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ મોત અને મોક્ષની ચિંતા પણ બાળ્યા કરતી હોય છે.

આવી અનેક સમસ્યાઓનું સોલિડ સમાધાન છે - ભગવાનનો અચળ આશરો. શ્રીહરિ તથા સદ્ગુરુની કૃપાનો પ્રેક્ટિકલ સ્વીકાર. 'તેઓ જે કરશે તે મારું સારું જ કરશે' એવો અટલ વિશ્વાસ.

અર્જુનને ઉદ્દેશીને ભગવાને આપણ સહુને કહ્યું છે...

**सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥**

સર્વભૂતપ્રાણીમાત્રનું હું પરમ હિતૈષી મિત્રની જેમ સારું જ કરી રહ્યો છું, આવી રીતે જે મને ઓળખી જાય છે તે તરત શાંતિ પામી જાય છે.

સર્વ કર્તા અને સદા હિતકર્તા શ્રીહરિનો જીવ સત્તાએ સ્વીકાર થઈ જાય તો સદા શાંતિ જ રહે છે.

એક ભગવદ્ભક્ત બહેન મહાન સંત શ્રીહનુમાનપ્રસાદ પોદ્દારજી-ભાઈજીને મળ્યા. તે લગ્ન બાદ થોડા જ સમયમાં વિધવા થયાં હતાં. પૂજ્ય ભાઈજીએ જ્યારે તેમની આંતરિક સ્થિતિ બાબતે પૂછ્યું ત્યારે તે બહેને કહ્યું, 'પરમ કૃપાળુ પરમાત્માએ મારા ઉપર અનહદ કૃપા વરસાવી છે. જેમ કે,

(૧) મોટા-મોટા સંતો જેમ વિષયો છોડીને સતત ભજનપરાયણ રહે છે, તેમ રહેવાની પ્રભુએ મને સહેજે જ સાનુકૂળતા કરી આપી. જો પતિ જીવતો હોત તો કદાચ હું એમ ન રહી શકત.

(૨) આ જગતમાં જે બે-ત્રણ સંતાનની મા હોય છે તેને તેની પળોજણની અનેક ઉપાધિ હોય છે, જ્યારે હું સંપૂર્ણ ફ્રી રહીને સતત શ્રીહરિ સ્મરણ કરી શકું છું.

(૩) જેને પતિ, પુત્રો કે પૈસો પ્રાપ્ત થાય છે તેને તેમાં બંધન થઈ જવાની સંભાવના રહે છે, જ્યારે હું એકમાત્ર મારા પ્રિયતમ પ્રભુજીના આધારે રહી તેમને સંપૂર્ણ પ્રેમ કરી શકું છું.

(૪) એક દિવસ તો સૌ કોઈને તેના સગાં છોડીને જવાનું જ છે ! કાં તો અચાનક તેને છોડીને આપણે જવાનું તો છે જ ને ! મારા પ્રભુએ કૃપા કરીને મને તે બધી બાબતની પ્રેક્ટિસ અત્યારથી જ શરૂ કરાવી દીધી છે. હવે જ્યારે પણ ધામમાં જવાનું થશે ત્યારે જરા પણ અઘરું નહિ લાગે. કોઈ અડચણ આડી નહિ આવે; આટલી બધી કૃપા પ્રભુએ મારા પર વરસાવી છે એટલે હું બહુ આનંદમાં છું.

તે યુવતી બહેનની આવી વાતો સાંભળી તે સંત આશ્ચર્યચકિત અને રાજી રાજી થઈ ગયા.

જો આપણે પણ આવા જ પોઝિટિવ ઍંગલે વિચારી શકીએ તો હરેક પરિસ્થિતિમાં પ્રભુકૃપાનો અહેસાસ થવાથી આનંદ-આનંદ થઈ જાય. આ માટે કુંડળધામ પ્રકાશિત જ્ઞાનદીપ ભાગ-૫ પુસ્તકમાંથી ગીગા ધાધલનું આખ્યાન અવશ્ય વાંચવા ને વિચારવા જેવું છે.

કદાચ તે તે વિકટ પરિસ્થિતિમાં તરત જ આવા પોઝિટિવ ઍંગલ ન પકડાય તોપણ જો પ્રભુજીનો પરમ વિશ્વાસ રાખીએ તોય અશાંતિ અને ઉદ્વેગથી બચી ભજનપરાયણ રહી શકીએ.

એકવાર પરમ કૃપાળુ પરમાત્મા સંતનો વેશ પહેરી નારદજીને સાથે લઈ એક વયોવૃદ્ધ માડીને ઘેર ગયા. તે માડી બહુ જ સારાં ભાવિક ભક્ત હતાં. તે માજીએ બંને સંતોની ખૂબ સારી સેવા સરભરા કરી-કરાવી. તે ડોશીમાના વિશાળ ઘરમાં તેમનો એક પૌત્ર જ જીવતો રહ્યો હતો. બીજા સર્વે સગાં ધામમાં ગયેલાં હતાં. પછી પ્રભુએ ત્યાંથી વિદાય લીધી ત્યારે તે પૌત્રનું પણ શરીર છોડાવી દીધું. તે જોઈને નારદજી ઘણા અપસેટ થઈ ગયા. ભગવાને કહ્યું, 'ધીરજ રાખો તમને બધું સમજાઈ જશે.'

આગળ ગયા તો એક સજ્જન શ્રીમંત શેઠનું ઘર આવ્યું. તેમણે પણ આ બંને સંતોને આવકાર્યા. તેના બહોળા પરિવારે સંતોની ખૂબ જ સેવા કરી. સંતો બહુ જ રાજી થયા, પણ જતી વખતે તેના ઘરમાં એક અતિ કિંમતી ઘરેણું હતું તે પ્રભુએ સાથે લઈ લીધું. વળી નારદજીએ પ્રશ્નો કર્યા, ત્યારે પ્રભુએ કહ્યું, 'ધીરજ રાખો બધું સમજાઈ જશે.' આગળ જતા એક આલીશાન મહેલ આવ્યો. તેમાં પ્રવેશી રાજાને મળવા માટે આ સંતોએ ઘણો આગ્રહ રાખ્યો, ત્યારે ડોરકીપરે ધક્કો મારી સંતોને પાડી દીધા; છતાં શ્રીહરિએ પેલું કિંમતી આભૂષણ રાજાને ભેટ દેવા દરવાણીને આપ્યું. હવે નારદજીને ગુસ્સો આવ્યો ત્યારે પ્રભુએ ફોડ પાડ્યો.

'આ રાજા અતિ લોભી છે, જરા પણ સંતની સેવા કે દાન-પુણ્ય કરતો નથી. હવે આ આભૂષણ પામી સંતોની સેવા-સમાગમ કરવાનું શરૂ કરશે એટલે તેનું કલ્યાણ થશે.


પેલા સજ્જન શેઠ અને તેનો પરિવાર અતિ ભોળો હતો. સાચા-ખોટાનો વિવેક રાખ્યા વગર બધાનો વિશ્વાસ કરતા, એટલે એક ઠગની ટોળી સાધુ-બાવાના વેશે તેને મારી લૂંટી જવાના પ્લાનમાં હતી. હવે શેઠ તથા તેનો પરિવાર સજાગ થઈ જશે એટલે ખોટાથી બચશે અને સાચાને સેવી કલ્યાણ પામશે.'

'આ તો બરાબર, પણ પેલાં મહાભક્ત ડોશીમાને શા માટે રઝળાવી મૂક્યાં એ તો કહો ?'

ભગવાને ચપટી વગાડી અને નારદજીને દિવ્યધામનાં દર્શન કરાવ્યાં. ત્યાં પેલો બાળકનો જીવ મુક્તરૂપે પ્રભુની સેવામાં હાજર હતો. એ જ વખતે પેલા ડોશીમાનો આત્મા પણ મુક્ત બની ધામમાં આવ્યો.

હવે ભક્તવત્સલ ભગવાને કહ્યું, નારદજી ! ડોશીમા મારાં મહા પ્રેમી ભક્ત હતાં, પણ લાગણીવશ પેલા બાળકમાં તેને બંધન થઈ જવાનું હતું. પછી તે અમને ભૂલી તેમાં જ પ્રેમ કરત તો તે બંને જીવનું બગડી જાત; જ્યારે આ બાળકમાં યોગભ્રષ્ટ જીવ હતો, તેને ભક્ત માજીએ અમારામાં જોડી દીધો અને અમે તે બાળક છોડાવ્યો એટલે તે માડીનો જીવ પણ એક અમારા આધારે થઈ અમને પામી ગયો.

વહાલા ભક્તો ! આમ પરમકૃપાળુ પરમાત્મા આપણું સારું જ કરે છે તે વિશ્વાસ દૃઢ થઈ જાય તો આપણે અખંડ આનંદમાં રહી પ્રભુપરાયણ રહી શકીએ છીએ. વળી, પ્રભુની કૃપા જ આપણાં આ લોકથી લઈ આત્યંતિક કલ્યાણ સુધીનાં સર્વે કામ પૂરાં કરાવી દે છે. માટે આ કૃપાની કમાલ કાયમ યાદ રાખી સદા સવળું લેવું જોઈએ ને અખંડ ભજનપરાયણ રહેવું જોઈએ. ●●●



# લખાણ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગામમાં બે ખાસ મિત્રો રહેતા હતા. અવારનવાર બંને ગામબહાર ફરવા માટે નીકળતા. એક વખત તેઓ બંને ફરવા માટે નીકળ્યા. રસ્તામાં બંને વચ્ચે કોઈક બાબતની ચર્ચાને લઈને બોલાચાલી થઈ અને એક મિત્રે ગુસ્સામાં આવીને બીજા મિત્રના ગાલ પર એક તમાચો મારી દીધો. એ મિત્ર ખૂબ દુઃખી થયો, પરંતુ કંઈ જ ન બોલ્યો. બસ, ત્યાં રેતી હતી એ રેતી પર એણે લખ્યું, “આજે મારા પ્રિય મિત્રે મને તમાચા માર્યો.”

બંને ફરીથી આગળ વધ્યા. રસ્તામાં એક બહુ જ સરસ મજાની નદી આવી. બંનેને નદીમાં સ્નાન કરવાની ઇચ્છા થઈ એટલે બંને નહાવા માટે નદીમાં પડ્યા. અચાનક ઉપરવાસના વરસાદને કારણે નદીમાં પૂર આવ્યું અને જે મિત્રને દુઃખ લાગ્યું હતું એ પાણીમાં તણાવા લાગ્યો. તરત જ જે મિત્રે થોડીવાર પહેલા તમાચો માર્યો હતો તેણે જ જાનના જોખમે નદીના પૂરમાં પડીને પોતાના મિત્રને ખેંચીને નદીની બહાર કાઢ્યો અને મિત્રનું જીવન બચાવ્યું.

નદીના કાંઠા પર મોટા મોટા પથ્થરો હતા. પાણીમાં ડૂબતા બચેલો પેલો મિત્ર એ પથ્થર પાસે ગયો અને તેણે હાથમાં બીજો નાનો પથ્થર લઈને એક મોટા પથ્થર પર કોતરીને લખ્યું, “આજે મારા પ્રિય મિત્રે મારું જીવન બચાવ્યું.”

એના મિત્રને આ કંઈ સમજાયું નહીં, એટલે એણે પોતાના આ મિત્રને પૂછ્યું, “મેં જ્યારે તને તમાચો માર્યો તો તેં એ રેતી પર લખ્યું અને જ્યારે મેં તારું જીવન બચાવ્યું તો તેં એ પથ્થર પર લખ્યું. આવું કેમ ?”

પેલા મિત્રએ હસતાં હસતાં જવાબ આપ્યો, “જ્યારે કોઈ તમારી લાગણીને ઠેસ પહોંચાડે ત્યારે એ રેતી પર લખી રાખવું. જેથી ક્ષમાનો પવન એને ભૂંસી નાંખે અને જ્યારે કોઈ તમારા માટે કંઈક સારું કામ કરે ત્યારે એ પથ્થર પર લખી રાખવું, જેથી જીવનભર એ યાદ રહે અને એ માણસના આપણે સદાયના ઋણી રહીએ.”

વહાલા ભક્તો ! આપણે પણ આ સમાજમાં જ જીવન જીવીએ છીએ. આપણી સાથે અનેક પાત્રો સ્નેહ, લાગણી અને મમત્વના ભાવથી જોડાયેલા હોય છે. જેવા કે ગુરુ, માતા, પિતા, પુત્ર, ભાઈ, બહેન, પતિ, પત્ની વગેરે વગેરે.

જીવનની ઘટમાળમાં અવારનવાર અનેક ગમતા કે અણગમતા બનાવો બનતા રહે છે. જ્યારે આપણી લાગણીને ઠેંસ પહોંચે એવું કાંઈક બને ત્યારે આપણે તેની બહુ ઊંડી નોંધ લઈએ છીએ; પરંતુ સામેના પાત્રે આપણા જીવનમાં અનેક વાર અકારણ-નિઃસ્વાર્થ ઉપકારો કરેલા હોય છે, તેની ઊંડી નોંધ આપણે લેતા નથી અને નાનકડા બનાવોને બહુ મોટા માનીને દુઃખી થઈએ છીએ.

વહાલા ભક્તો ! જો સમજી વિચારીને સામેનાની આપણા પરત્વેની લાગણીને ધ્યાનમાં લઈને, એમના આપણી ઉપર કરેલા ઉપકારોને આપણા હૃદયરૂપી પથ્થર પર કોતરીને લખી રાખીએ, તો જીવનભર એ યાદ રહેશે અને આપણું જીવન સુખરૂપ બની જશે.

યાદ રાખો ! આપણે આપણા સ્વભાવને વશ થઈને આપણી સાથે લાગણી અને મમત્વથી જોડાયેલા કોઈ પણ નાના-મોટા પાત્રોની સાથે એવાં વાણી-વર્તન ન કરીએ કે જેથી તેઓનાં દિલ તૂટી જાય. ●●●



# ભાવને વશ ભગવાન...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ઉમરેઠના એક બ્રાહ્મણ સારા સત્સંગી ભક્ત હતા. તેમને શ્રીજીમહારાજને જમાડવાનો બહુ ભાવ; પરંતુ પોતે વહેવારે દુર્બળ, તેથી મહારાજને જમાડવાનો લાભ લઈ શકતા નહીં. બીજા હરિભક્તો મહારાજની પૂજા કરે, થાળ જમાડે તે જોઈને પોતાના અંતરમાં બહુ પશ્ચાત્તાપ કરે ને મનમાં એમ વિચાર કરે કે, 'મારા જેવો કોઈ અભાગિયો નહિ, કારણ કે આ પુરુષોત્તમનારાયણને સૌ પોતાને ઘેર તેડી જાય છે ને પૂજા કરે છે, થાળ જમાડે છે; એ એમનાં કેવાં મોટાં ભાગ્ય ! અને હું તો ગરીબ તે શી રીતે મહારાજને રાજી કરી શકું ?' આમ પોતાના મનમાં વિચાર્યા કરે.

એક દિવસ તે ભૂદેવ વડતાલ આંબલાથી ઉતરાદી કોરે કૂવો છે તેની પાસે ગામમાંથી લોટ માંગી લાવીને તાવડીમાં પંચકણીનો રોટલો કરીને લોટામાં લુણીની ભાજી કરતા હતા ને મહારાજનું સ્મરણ કરતા હતા. તે વખતે મહારાજ વાસણ સુતારની ઓરડીએ મધ્યાહ્‌ન સમે પોઢ્યા હતા. તે અચાનક ઊઠીને મહારાજ બ્રહ્મચારીને કહે, "આપણો લોટો લાવો, મારે ન્હાવા જાવું છે." ત્યારે બ્રહ્મચારી કહે, "અહીં નાહી લ્યો." ત્યારે મહારાજ કહે, "ના, મારે બહાર ન્હાવા જાવું છે." એમ કહીને ઊઠીને મોજડી પહેરી ચાલતા થયા.

મહારાજ ત્યાંથી સીધા જ્યાં પેલા ભૂદેવ હતા ત્યાં ગયા. ભૂદેવ જ્યાં જમવા બેસવાની તૈયારી કરે છે ત્યાં જ મહારાજ આવી ગયા ને કહે, "ભૂદેવ ! અમને ભૂખ લાગી છે, તે કાંઈ જમવાનું તૈયાર હોય તો અમને આપો." ભૂદેવ તો મહારાજને જોઈને એકદમ ઊભા થઈ ગયા ને ભાવવિભોર થઈ દંડવત કરવા લાગ્યા. મહારાજ કહે, "અરે ભૂદેવ ! દંડવત રહેવા દ્યો, અમને ભૂખ લાગી છે જલ્દી કાંઈક જમવાનું આપો." ભૂદેવ કહે, "અરે મહારાજ ! મારી પાસે તો પંચકણીનો રોટલો ને લુણીની ભાજી છે." ત્યારે મહારાજ કહે, "એ તો બહુ સારી." એમ કહી જમવા બેસી ગયા.

ભૂદેવે મહારાજને ઘણા હેતથી તે પંચકણીનો રોટલો ને લુણીની ભાજી પીરસી ને કહે, "હે મહારાજ ! જેવી વિદુરજીની ભાજી, સુદામાના તાંદુલ ને શબરીબાઈનાં બોર; તેવું આ જમણ છે." મહારાજ જમતાં જમતાં કહે, "અરે ભૂદેવ ! આ તો અમૃત જેવું મીઠું ભોજન છે." એમ કહી રોટલો ને ભાજી ખૂબ પ્રેમથી જમ્યા અને ચળું કરી તેમને પ્રસાદી આપી.

ભૂદેવ અતિ ભાવવિભોર થઈને કહે, "હે મહારાજ ! ઘણા દિવસનો મારો સંકલ્પ હતો, તે સર્વજ્ઞ ને ભક્તમનોરથપૂરક એવા તમે આજ મારો તે સંકલ્પ પૂરો કરીને મને કૃતારથ કર્યો. આપનું ભક્તમનોરથપૂરક એવું નામ, તે આજ તમે સત્ય કર્યું." એમ કહેતાં આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં ને મહારાજના ચરણ પાસે બેસી ગયા.

આમ, મહારાજ તે ભક્તના ભાવને વશ થઈને તેનો રોટલો ને ભાજી જમીને તેમને રાજી કરી ત્યાંથી પાછા વાસણ સુથારની ઓરડીએ આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારી કહે, "હે મહારાજ ! ન્હાવા ગયા હતા ને ?" ત્યારે મહારાજ કહે જે, "અમે નાહીને આવ્યા." એમ રમૂજ કરીને પોઢી ગયા.

વહાલા ભક્તો ! ભગવાન તો ભક્તના ભાવ અને પ્રેમને જુએ છે. આપણા હૃદયમાં સાચો ભાવ હોય તો આપણા ભાવને ભગવાન જરૂર પૂરા કરે છે. એટલે તો વહાલા પૂ.ગુરુજી આપણને ઘણી વાર કહે છે કે, આખો દિવસ અંતરમાં સારા સારા ભાવો કર્યા કરવા. મહારાજ આવશે, સંતો સાથે લાવશે, હું મહારાજ અને સંતો માટે સારો થાળ કરીને જમાડીશ, મહારાજ મારા પર રાજી થશે, મને ભેટશે, મારા માથે હાથ મૂકશે... વગેરે વગેરે ભાવો અંતરમાં કર્યા કરવા, તો એક દિવસ જરૂર મહારાજ આપણા ભાવો પૂરા કરશે... ●●●

# ભગવદ્ધામમાં સોય લઈ જશો ?

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક શેઠ હતા. તેમની પાસે લાખો રૂપિયા હતા, મોટી હવેલી, ઘણી મિલકત અને નોકર-ચાકર પણ હતા; પરંતુ લોભી એવા હતા કે ફાટેલા જોડા પહેરે. કોઈ સામાજિક કે ધાર્મિક કાર્યમાં કે મંદિરમાં ભગવાન કે સાધુ-સંતો માટે પણ ક્યારેય પૈસો વાપરે નહીં.

તેમના એક મિત્ર દરજી હતા. એક દી તેમને તાવ આવ્યો ને ભગવાનના ધામમાં ગયા. થોડા વખત પછી શેઠ માંદા પડ્યા અને દેહ ન રહે તેવું થઈ ગયું. તેમના મિત્ર દરજીનો પંદર વરસનો દીકરો તે શેઠની ખબર કાઢવા આવ્યો. ત્યારે શેઠે કહ્યું, “બેટા, હવે મારો દેહ રહે તેમ નથી. ભગવાનના ધામમાં જવાનું થયું.”

છોકરો બહુ હોશિયાર હતો, તેણે શેઠની મનોદશા જાણીને કહ્યું, “મારા બાપા કહેતા હતા કે ‘ધામમાં ભગવાનના વાઘા સીવવા છે,’ પણ તેઓ સોય સાથે લઈ જવાનું ભૂલી ગયા છે, તમે હવે ભગવાનના ધામમાં જવાના છો, તો તમે તે સોય ત્યાં લઈ જશો ને તેમને આપી દેશો ?” શેઠે કહ્યું, “ભલે લઈ જાઉં, તેમાં શું.”

પછી તે છોકરો સોય આપીને જતો રહ્યો. શેઠ વિચારવા લાગ્યા કે ‘આ સોય કેડિયાની ખાલમાં ઘાલું.’ પછી વિચાર થયો કે ‘મર્યા પછી કેડિયું તો સાથે આવવાનું નથી.’ પછી એમ થયું કે ‘મોઢામાં ગાલના ગલોફામાં મૂકું.’ પછી વળી વિચાર થયો કે ‘આ દેહ પણ સાથે નહિ આવે. માટે હવે સોય કેવી રીતે લઈ જવી ?’

શેઠ મૂંઝવણમાં પડ્યા અને દરજીના છોકરાને પાછો બોલાવ્યો અને કહ્યું, “ભાઈ, આ તારી સોય ઘેર પાછી લઈ જા, તે ભગવાનના ધામમાં લઈ જવાશે નહીં.’” છોકરાએ કહ્યું, “તમે તમારા લાખો રૂપિયા અને મિલકત ભગવાનના ધામમાં લઈ જવાના છો, તો મારી એક સોય નહિ લઈ જાવ ?”

તે સાંભળીને શેઠની આંખ ઊઘડી ગઈ. તેમને જ્ઞાન થયું કે “માળું, મરીએ ત્યારે કશું સાથે લઈ જવાતું નથી.” તેમણે પરમાત્માને પ્રાર્થના કરી કે ‘મને જો બેઠો કરો તો પુણ્યદાન કરું.’ તેઓ ભગવાનની ઇચ્છાથી સાજા થઇ ગયા. પછી તેમણે મંદિર બંધાવ્યું, સાધુ અને બ્રાહ્મણોને જમાડ્યા અને દાન-પુણ્ય કર્યું.

વહાલા ભક્તો, આપણને એમ થાય કે મને આવું શેઠ જેવું અજ્ઞાન થોડું હોય ? પરંતુ જીવનનિર્વાહ થાય તેટલું કે તેથી વધુ ધન, સંપત્તિ વગેરે હોવા છતાં, વધુ મેળવવાનાં પ્રયત્નો કે ઇચ્છા થતી હોય તો જાણવું કે શેઠ જેવું કે કાંઈક બીજું અજ્ઞાન તો છે જ; માટે પ્રહ્લાદજી તો બાળપણમાં જ કહેતા કે,

**મરી જાવું સહુને મૂરખો, શીદ ચઢો છો બીજે નોર;**
**ભજો શ્રીભગવાનને, તજો બીજો શોર બકોર.**

**(ધીરજાખ્યાન ૬/૭)**

વળી, મોહાંધ બનેલા શેઠની તો છોકરાએ આંખ ઉઘાડી, તે તેમનું ભલું થયું. આ સંસારમાં ભલભલા મોહ પામ્યા છે, માટે આપણે જ્યારે મોહાંધ બન્યા હોઈએ ત્યારે આંખ ઉઘાડે એવા કોઈ સાચા અને સુજ્ઞ સંત-ભક્ત સાથે સાચું દિલનું હેત રાખ્યું હશે તો તેઓ આંખ ઉઘાડશે. એટલે જ સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ કહેલ છે કે, બે સારા સાધુ ને ત્રણ સારા હરિભક્તની સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી ન પડાય. ●●●



# પ્રેમ કે પ્રેશર..?

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ વાર્તાને જો પોતાના પર લઈએ તો બહુ જ ફાયદો થાય. ઘણી વખત પોતાના રાગ-દ્વેષને લઈને પ્રેમ કે પ્રેશર અપાતાં હોય છે અને તેને લઈને દુઃખ આવે છે, પણ નિઃસ્વાર્થભાવે, સ્વભાવવશ ન થતાં મોટાના માર્ગદર્શન પ્રમાણે પ્રેમ કે પ્રેશર આપવામાં આવે તો અચૂક તેમાં લાભ જ થાય.

વડોદરામાં જય અને પાર્થ બે મિત્રો એક જ શાળામાં સાથે જ ભણતા હતા અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપી રજા માણી રહ્યા હતા.

થોડા દિવસો પછી પરીક્ષાનું રિઝલ્ટ આવ્યું. તોફાન, મસ્તી અને ગાફલાઈને કારણે બન્ને પરીક્ષામાં નાપાસ થયા. રિઝલ્ટ જોઈને તેઓ ડરી ગયા કે હવે માતા-પિતાને શું કહીશું ? તેમ છતાં બન્નેએ તેમનાં માતા-પિતાને વાત કરી કે, તેઓ પરીક્ષામાં નાપાસ થયા છે. હવે તેઓ પાસે એક તક હતી કે, એક મહિના પછી નાપાસ વિદ્યાર્થીઓની ફરી પરીક્ષા આવે તેમાં પાસ થવું.

પાર્થ એક શિક્ષકનો છોકરો, એટલે તેના પિતાએ પરીક્ષાનું રિઝલ્ટ સાંભળતાં જ પાર્થને ગાલ પર એક લાફો મારી દીધો. અને કહ્યું કે, ‘હું એક શિક્ષક છું અને મારો જ છોકરો નાપાસ થયો. હવે હું બીજાને મોઢું શું બતાવું ? હવેથી ટી.વી., મોબાઇલ, ઘરની બાર નીકળવાનું બંધ, કોઈ મિત્રને મળવાનું નથી અને આખો દિવસ રીએક્ઝામની તૈયારી કરવાની અને પાસ થવાનું છે. અને જે દિવસે વાંચવા-લખવા ન બેસે તે દિવસે જમવાનું નહિ મળે;’ આવું ગુસ્સામાં આવીને કહી દીધું. પાર્થના પિતા રોજ તેને ટોક-ટોક કરે અને સારી રીતે તેની સાથે વાત પણ ન કરે.

પાર્થ ડરને લીધે આખો દિવસ વાંચ્યા-લખ્યા કરતો, પરંતુ તેને મનમાં ડર બેસી ગયો કે, હવે હું પાસ નહિ થયો તો શું થશે ? એવા વિચારોને લઈને તણાવ અને ડિપ્રેશન અનુભવવા લાગ્યો, જેના કારણે મહેનત કરવા છતાં કંઈ યાદ રહેતું નહોતું. છેવટે તે રીએક્ઝામમાં પણ નાપાસ થયો. આ પરિણામ જોઈને પાર્થને હવે ઘેર જવામાં પણ સંકોચ થતો હતો. તેને એટલા બધા વિચાર આવતા હતા કે સ્યુઇસાઇડ કરી લેવાનું મન થતું હતું.

પાર્થના મિત્ર જયનો પરિવાર સત્સંગી હતો. તેના પિતાને રિઝલ્ટની ખબર પડતાં જ જયને કહ્યું, ‘બેટા, તું ચિંતિત ન થતો. હવેથી તું મહેનત કરીને રીએક્ઝામમાં પાસ થઈ જઈશ; એવો મને તારા પર વિશ્વાસ છે. અને ચાલ, આપણે સંતોને વાત કરીએ.’

જયના પિતાએ સંતોને વાત કરી કે, જયને આવું રિઝલ્ટ આવ્યું છે. તેથી સંતોએ પણ જયને બળ આપ્યું કે, ‘ભાઈ, આવું રિઝલ્ટ આપણી ગાફલાઈને કારણે આવ્યું હોય, પરંતુ આપણી પાસે હજુ એક તક છે અને તેના માટે સમય પણ છે. તેનો ઉપયોગ કરીને પ્રભુજી, પૂ.સંતો અને મમ્મી-પપ્પાને રાજી કરવા મહેનત કરજે. અમે કૃપાનાથને પ્રાર્થના કરીશું કે, રીએક્ઝામમાં તને સારું રિઝલ્ટ આપે.’

જયને થયું કે, મારું આવું રિઝલ્ટ આવ્યું હોવા છતાં બધા મારી કેટલી ચિંતા કરે છે ! તો મારે હવે બધાને રાજી કરવા છે. આમ વિચારી તેને ખૂબ મહેનત કરી અને સારા માર્ક્સે પાસ થયો.

આવું જ કોઈ મારા પર પ્રેશર કરે તો તેમાં સાચું-ખોટું નહિ વિચારતા આમાં રહીને મારા વહાલા મહારાજ મારી પાસે શું સુધરાવવા ઇચ્છે છે ? તે પકડીને સુધારો કરીશું તો પહેલા કરતાં એક સ્ટેપ તો ચોક્કસ આગળ વધીશું અને કોઈ પ્રેમ આપીને સુધારો કરાવે છે તો તેમાં કરુણા-કૃપાના વિચારો કરીને પોતાના હૃદયને ભાવભીનું કરીશું તો તેમાં પણ વિશેષ હિતેચ્છુને સુખરૂપ થઈશું.

તો ચાલો, આપણે આપણું તપાસી લઈએ કે, આમાં મારે કેટલો સુધારો કરવા જેવું છે ? ●●●



# સત્સંગ એટલે શું ?

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

**કરી મહારાજે મોટી મહેર, આણ્યો સત્સંગ રૂડી પેર;**
**એહ સત્સંગ છે મોટી વાત, એમાં કલ્યાણ છે સાક્ષાત.**

વહાલા ભક્તો ! સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાને આ બ્રહ્માંડમાં આવીને અનંત જીવોના કલ્યાણ માટે સત્સંગ સ્થાપ્યો. એ સત્સંગ એટલે શું ? ને એ સત્સંગ કેવી રીતે કરવો ? તેની મહારાજે અતિશય કરુણા કરીને વાત કરી છે. તે આપણે વાંચીએ, વિચારીએ અને જીવનમાં ઉતારીએ.

એકવાર શ્રીજીમહારાજ ગઢપુરમાં લીંબતરુ હેઠે દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયા. ને સંત તથા બ્રહ્મચારી તથા સોમ, સુરાદિક પાર્ષદ એ સર્વે જેમ ઘટે તેમ આવીને બેઠા. ને સભા અતિશે શોભતી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વ સભાસદ પ્રત્યે બોલ્યા જે, “હે સભાસદો ! તમે સર્વે સાવધાન થઈને એકાગ્ર થાઓ. પછી મહારાજે અતિ કરુણા કરીને વાત કરી જે, તમે સર્વે સત્સંગી કહેવાઓ છો તે ‘સત્સંગ’ શબ્દને અર્થ સહિત ધારવો, પણ અર્થરહિત ન ધારવો. તેનો અર્થ જે ‘સત્’ શબ્દે કરીને એક તો ભગવાન, બીજા સંત, ત્રીજો ધર્મ ને ચોથું એ ત્રણેયની જેમાં વાત હોય તેવું સત્શાસ્ત્ર; એ ચારને સત્ય કહેવાય ને એ ચારનો મન, કર્મ ને વચને કરીને જે પ્રસંગ તેનું નામ સત્સંગ કહેવાય.

ત્યારે તમે કહેશો જે, ધર્મ તે શું ? તો મહાભારતનું યુદ્ધ થયા પછી નરનારાયણ થકી સાંભળેલ જે ભાગવતધર્મ નારદે યુધિષ્ઠિરને કહ્યો જે, સત્ય, શૌચ, શમ, દમ, તપ, તિતિક્ષા, સંતોષ, આર્જવ એ આદિક ત્રીસ લક્ષણે યુક્ત જે ભાગવતધર્મ તે ધર્મ કહેવાય. ને તે પ્રમાણે વર્તાય તો જાણીએ જે, ધર્મનો સંગ થયો. ને

ન વર્તાય ત્યારે તેટલો સંગ કર્યો ન કહેવાય. ભગવાનનો સંગ પણ ત્યારે થયો કહેવાય જે, માહાત્મ્યપૂર્વક અનુવૃત્તિએ કરીને જે નવધાભક્તિ કરવી ને એમ ન થયું હોય તો ભગવાનનો પણ સંગ કર્યો કહેવાય નહીં. ને એકાંતિક સાધુનો સંગ થયો તે કેમ જણાય ? તો જે એકાંતિક સંતની અનુવૃત્તિમાં રહીને તેની પરિચર્યા હેતે કરીને કરે ને એમ ન વર્તાય તો સાધુનો સંગ પણ ન કહેવાય. ને શાસ્ત્રમાં જેમ કહ્યું હોય તેમ વિશ્વાસપૂર્વક વર્તાય ત્યારે શાસ્ત્રનો પણ સંગ થયો કહેવાય, નહિ તો ન કહેવાય.



**જીવના કલ્યાણનો જેને ખપ હોય તેણે તો શુભ, અશુભ, દેશાદિકનો વિવેક કરવો ને અશુભ દેશાદિક સેવવા જ નહિ ને નિરંતર શુભ દેશાદિક સેવવા ને તો જ આ લોકમાં ને પરલોકમાં સુખ થાય.**

વળી, ધર્મ કહ્યો તેમાં બ્રહ્મચર્યવ્રત રાખવું. તે ત્યાગીને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ ને ગૃહસ્થને પરસ્ત્રીમાત્રનો ત્યાગ કરવો, ને ચોવીસ એકાદશીઓ તથા અમાવાસ્યા આદિક પર્વના દિવસો તથા ભગવાનના જન્મોત્સવના દિવસો એ આદિકને વિષે ત્રણ-ત્રણ દિવસ પોતાની સ્ત્રીનો પણ ત્યાગ રાખવો.

અને ચાર અસત્ શબ્દ કહેવાય છે જે, એક તો કાળ, માયા, કર્મ અને સ્વભાવ; તે અસત્ કહેવાય છે. કેમ જે, એ કાળાદિક સ્વતંત્ર ન કહેવાય, માટે એ પણ અસત્ છે. બીજો અસત્ પુરુષ તે કામ-ક્રોધાદિક અધર્મ સર્ગે સહિત છે, માટે તે અસત્ કહેવાય. ને ત્રીજો અધર્મસર્ગ તે પણ અસત્ કહેવાય. ને ચોથું એ ત્રણ્યને કહેતું એવું જે શાસ્ત્ર, તે અસત્ શબ્દે કરીને કહ્યું; માટે અસત્‌ને એ એ ચારનો જે સંગ તે કુસંગ કહેવાય, માટે એવાનો સંગ ન કરવો. ને જો રાખે તો આ લોકમાં ને પરલોકમાં અતિશે કષ્ટને પામે, ને ક્ષયાદિ રોગને ને જમપુરીના ને સંસૃતિનાં દુઃખ પામે છે. ને પૂર્વે કહ્યો જે ચાર પ્રકારનો સત્સંગ તેને જે કરે છે તે તો મહાઅલૌકિક છે. માટે જીવના કલ્યાણનો જેને ખપ હોય તેણે તો શુભ, અશુભ, દેશાદિકનો વિવેક કરવો ને અશુભ દેશાદિક સેવવા જ નહિ ને નિરંતર શુભ દેશાદિક સેવવા ને તો જ આ લોકમાં ને પરલોકમાં સુખ થાય.”

વહાલા ભક્તો ! મહારાજે અતિશય કરુણા કરીને સત્સંગ અને કુસંગ ઓળખાવ્યો. સત્સંગ કોને કર્યો કહેવાય એ પણ સમજાવ્યું. સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં કહ્યું છે, ‘સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. તે મન, કર્મ, વચને એટલે શું ? તો કર્મ જે દેહ તેણે કરીને જેમ સત્પુરુષ કહે તેમ કરવું. ને વચને કરીને તો સત્પુરુષમાં અનંતગુણ રહ્યા છે તે કહેવા. અને મને કરીને તો મોટા સાધુને વિશે નાસ્તિકપણું આવવા દેવું નહીં; એમ વર્તાય ત્યારે મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો કહેવાય.’ આપણે પણ આવી રીતે મન, કર્મ, વચને સત્સંગ કરીશું તો મહાસુખિયા થઈશું. ●●●

# કર્તા અને માધ્યમને સમજીએ...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



શૈશવની પેન કમાલ કરી ગઈ. તેની જ્વલંત સફળતાનો બધો જ યશ એ મીકોના કંપનીની પેનને આપવો જોઈએ. જો એ પેન ન હોત તો શૈશવ આવું રીઝલ્ટ લાવી જ ન શક્યો હોત; આવા આવા શબ્દોથી પ્રકાશભાઈ શૈશવને છોડી તેની પેનના વખાણ કરી રહ્યા છે. શૈશવને કાંઈ સમજાયું નહીં કે તેઓ શું કહેવા માંગે છે ! તે પૂછે ન પૂછે ત્યાં તો પ્રકાશભાઈએ મિહિર સામે જોઈને બોલવા માંડ્યું. 'મિહિર ! તારી બાજુમાં રહેલું પેલું સ્પીકર તો જબરું બોલે છે. તેનું ગાયન સાંભળીને તો સૌ માણસો ડોલવા લાગે છે. વળી, વાત પણ કેવી સરસ કરે છે ! માટે એને તું તારા હાથથી શાબાશી આપી દે.'

પ્રકાશભાઈની વાત સાંભળી મિહિર અન્ય મિત્રો સામે જોઈ વિચારતો રહ્યો. ત્યાં તો પ્રકાશભાઈ એક બાજુ ફરી વૈભવને ઉદ્દેશીને કહેવા લાગ્યા, "વૈભવના હાથ રાજીપાને પાત્ર છે. તેના હાથ સવારથી સેવામાં લાગી ગયા છે. પગ બહુ સેવા નથી કરતા; પણ હાથ તો બહુ જ કામ લાગ્યા ! ત્રિમાસિક અહેવાલ તૈયાર કરવામાં વૈભવના હાથ રાજીપો રળી ગયા. ખરું ને વૈભવ !" પ્રકાશભાઈની વાત સાંભળી વૈભવ મૌન સેવી તેમની સામે ટગર ટગર જોઈ રહ્યો. પ્રકાશભાઈ તો એક પછી એક દૃષ્ટાંતો દેતા રહ્યા. હાજર રહેલ સહુ યુવાનો પ્રકાશભાઈની આ બધી વક્રોક્તિ સાંભળતા થોડો ઘણો અંદાજ પામ્યા.

આ અંગેનો રહસ્યાત્મક સારરૂપ ભાવ પામવાની ઇચ્છા સાથે ઉદિત બોલ્યો, "પ્રકાશભાઈ ! આપનાં આ બધાં સાર્થક દૃષ્ટાંતો સાંભળતા મને એમ સમજાય છે કે કદાચ આપ એવું કહેવા માંગતા હશો કે, આપણે જડ માધ્યમને છોડી મુખ્ય કર્તા અને માલિકને જોવા જોઈએ. અને કાર્યનો યશ પણ માધ્યમને ન દેતાં મૂળ માલિકને દેવો જોઈએ." ઉદિતની વાત સાંભળી પ્રકાશભાઈએ સ્મિત સાથે તેની પીઠ થાબડતા કહ્યું, "એકદમ સાચું ઉદિત, યુ આર કરેક્ટ, આપણે સ્પષ્ટપણે સમજી રાખવું જોઈએ કે બાહ્ય રીતે સ્પષ્ટરૂપમાં કર્તા દેખાય કે ન દેખાય પણ કર્તા વગરના માધ્યમો શૂન્ય અને જડ છે; હોવા છતાં ન હોવા બરાબર છે."

વહાલા યુવાનો ! હું તમને એક પ્રશ્ન પૂછું, આ બિલ્ડિંગ બંધાય છે તેના સાચા કર્તા કોણ કહેવાય ? સિમેન્ટ, કપચી, લોખંડ વગેરે એમ કહે કે મારા વગર બિલ્ડિંગ ઊભું ન રહે માટે હું કર્તા. તો આ એની વાત સાચી ગણાય ? આર્કિટેક્ટ, એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરથી માંડી મજૂરો સુધીના તમામ વ્યક્તિઓ એમ માને કે 'મારું કામ ચાલે છે, આ કામ હું કરું છું.' તો એનાથી એ કર્તા થઈ

જાય ? ખરેખર તો બિલ્ડિંગના માલિક હાજર ન હોવા છતાં તેની જ આજ્ઞા-પ્રેરણા અને નિયંત્રણથી આ કાર્ય થતું હોવાથી આપણે તેના તરફ અંગુલીનિર્દેશ કરીને આ ભાઈ બિલ્ડિંગ બનાવે છે એમ કહીએ છીએ. એમના સિવાયના તમામ વર્ગને માધ્યમ તરીકે જોઈ માલિકને જ કર્તા તરીકે જોઈએ છીએ. તો આ જ દૃષ્ટાંત આપણે દરેક બાબતોમાં ન ઘટાવવું જોઈએ ?!

શૈશવ ! તારા વગર સ્વતંત્ર રીતે તારી પેન રીઝલ્ટ લાવી શકે ? મિહિર ! ઇલેક્ટ્રિસિટિ વગર આપોઆપ સ્પીકર કાંઈ બોલી શકે ? વૈભવ ! તને રાજીપો આપવાને બદલે માત્ર સેવાના માધ્યમ એવા તારા હાથને જ વખાણ્યા કરું અને પગ વગેરેને ન વખાણું તો તને ગમે ? યાદ રહે, જે મુખ્ય કર્તાને છોડી માધ્યમને જ જુએ છે, વખાણે છે, કર્તા માને છે તેને આ માર્ગમાં કાંઈ સમજાયું જ નથી. હા, માધ્યમના વખાણ કરતી વખતે આપણા હૃદયમાં અંતર્ગર્ભિત રીતે સર્વકર્તા જ મુખ્ય હોય તો તો એ માધ્યમરૂપે પણ કર્તાના જ વખાણ છે, પણ જો આવી સમજણ વગર ઉપલક દૃષ્ટિથી માત્ર માધ્યમ જ કર્તા તરીકે દેખાય તો એ આપણો સ્થૂળભાવ છે.

વહાલા યુવાનો ! આ પ્રસંગે મારા માધ્યમે તમને કાંઈક મળ્યું હોય તો મારે પણ સ્પષ્ટ સમજી રાખવું જોઈએ કે, 'હું તો માત્ર ખોખું છું. જીવ વગરનો દેહ કેવી રીતે બોલી શકે ? સ્વતંત્ર રીતે શું કરી શકે ? વળી, એનાથી પણ ઉપર જોઈએ તો જગદીશ વગર આ જીવ પણ સાવ નિર્જીવ છે; તેથી છેવટના કર્તા શ્રીહરિજી મહારાજ છે. મારા આ દેહનું નામ ભલે પ્રકાશ છે પણ તમને આવું સમજાવવું એ તો પરમેશ્વરનો જ પ્રકાશ છે. કેમ જે, વચ.ગ.પ્ર.૬૫ મુજબ જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાશક્તિના પ્રકાશક સર્વકર્તા શ્રીહરિ જો ન સમજાવે તો હું લાખ દૃષ્ટાંતો આપીને વાત સમજાવવા કોશિશ કરું તોપણ તમને ન સમજાય; માટે તમે મને ન જોતાં આ કઠપૂતળાના નચાવનાર મારા પ્રભુજીનો ખેલ છે એમ જ માનજો.

સાંભળ મિહિર ! ગાડી તો હોય પણ તેમાં પેટ્રોલ ન હોય તો ? ચાવી ન હોય તો ? અરે ! પેટ્રોલ હોવા છતાં, ચાવી હોવા છતાં તેને ચલાવનાર ન હોય તો ગાડી ચાલી શકે ? હા, સારી ગાડી જોઈ આપણે લૌકિક વ્યવહારના ઢાળ મુજબ તેના વખાણ ભલે કરીએ પણ તેને ચલાવનારા, બનાવનારા ને છેવટ તેની બુદ્ધિના પ્રકાશનારા એવા મૂળકર્તા ભુલાવા ન જોઈએ. મૂળકર્તાને છોડી તેના માધ્યમના વખાણે ચડી જવું, ત્યાં જ વૃત્તિઓ અટકાવી દેવી એ મહામોટી મૂર્ખતા છે. સેલ વગર ઘડિયાળ ચાલી ન શકે. ઇલેક્ટ્રિસિટિ વગર પંખો ફરી ન શકે કે બલ્બ અજવાળું કરી ન શકે. પ્રભુની મરજી વગર કોઈથી કાંઈ જ ન થઈ શકે. કહેવાય છે કે, 'બજે ન ખાલી બાજા, કોઈ હૈ બજાનેવાલા...'

વહાલા ભક્તો ! પ્રકાશભાઈની આ બધી વાતો અને દૃષ્ટાંતો આપણા અંતરમાં પણ પ્રકાશ કરી શકે છે. આધ્યાત્મિક માર્ગે ચાલેલ આપણે પણ આમાંથી સાર પકડીને એટલું સમજી લેવું જોઈએ કે, 'સર્વના મૂળકર્તા, સુપ્રીમપાવર તો એક શ્રીહરિ જ છે; બીજા કોઈ જ નહીં. જો આપણે પોતાને કે અન્યને અર્થાત્ કાળ, કર્મ, માયા, કોઈ વસ્તુ-પદાર્થ, વ્યક્તિ કે પરિસ્થિતિને કર્તા માની લઈશું તો એ સર્વકર્તાનું અપમાન ગણાશે. સફળતાનો યશ શૈશવને આપવાને બદલે તેની પાસે રહેલ પેનને આપવા જેવું ગણાશે.' આપણને એવી ખબર પડે કે આ વ્યક્તિને ભૂત વળગ્યું છે તો હવે પછીની બધી જ ક્રિયા એ વ્યક્તિ કરતો હોય એવું દેખાવા છતાં આપણે એ ક્રિયા ભૂત કરી રહ્યું છે એમ માનીએ છીએ. બસ આવી જ કોઈક વિભાવનાથી સ્વ-પરમાં શ્રીહરિને કર્તા જોવાની ટેક્નિક હાથ લાગી જાય તો આ માર્ગનું ડેસ્ટિનેશન દૂર નથી. ●●●

# ચાંદ્રાયણનાં ચોંકાવનારાં તથ્યો...

લેખક : પ.ભ.ડો.શ્રીવનરાજભાઈ ડોડિયા - સુરેન્દ્રનગર



ચાંદ્રાયણ શબ્દ ચંદ્ર+અયન એવા બે શબ્દોથી જોડાયેલો શબ્દ છે. ચંદ્રની જેમ ગતિ કરે એવું વ્રત એટલે ચાંદ્રાયણ વ્રત. જેમ ચંદ્રની કળા ૩૦ દિવસમાં ૧૫ દિવસ વધે છે ને ૧૫ દિવસ ઘટે છે, તેમ ચાંદ્રાયણ વ્રતમાં પણ ૩૦ દિવસ દરમ્યાન ફેરફાર જોવા મળે છે. ચાંદ્રાયણ વ્રત અનેક પ્રકારનાં હોય છે. જેમ કે...શિશુ ચાંદ્રાયણ, દંડ ચાંદ્રાયણ, કીડી ચાંદ્રાયણ, જવ ચાંદ્રાયણ, ઋષિ ચાંદ્રાયણ વગેરે... જેમાં ચાર કોળિયા બપોરે અને ચાર કોળિયા સાંજે; એમ આખા મહિનામાં કુલ ૨૪૦ કોળિયાનું વ્રત 'શિશુ ચાંદ્રાયણ'થી ઓળખાય છે અને એવી જ રીતે એક દિવસમાં એકસાથે આઠ કોળિયા લેવાના; આ વ્રતને 'દંડ ચાંદ્રાયણ' કહેવાય છે. પૂર્ણિમાના દિવસે પંદર કોળિયા લેવાના અને પછી એક-એક કોળિયો ઘટાડતા જવાનું અને વચ્ચે ઉપવાસ કરવાનો અને પછી એક-એક કોળિયો વધારતા જવાનું આ વ્રતને 'કીડી ચાંદ્રાયણ' કહેવાય છે. પડવાના દિવસે એક કોળિયો લેવાનો અને પંદર દિવસ સુધી એક-એક કોળિયો વધારવાનો અને પછી એક-એક કોળિયો ઘટાડતા જવાનું અને છેલ્લે અમાસના દિવસે ઉપવાસ કરવાનો આ વ્રતને 'જવ ચાંદ્રાયણ' કહેવાય છે. આખા મહિના દરમ્યાન રોજે આખા દિવસમાં ફક્ત ત્રણ કોળિયા જ લેવાના; આ વ્રતને 'ઋષિ ચાંદ્રાયણ' કહેવાય છે. ચાંદ્રાયણના આવા અનેક પ્રકારો હોય છે. આ મુક્તિદાયક વ્રત કરતી વખતે વ્રતના અંગભૂત બ્રહ્મચર્ય વગેરે નિયમોનું પાલન કરવું આવશ્યક હોય છે.

આ ચાંદ્રાયણ વ્રતનો ભગવાન વેદવ્યાસ રચિત ગરુડ મહાપુરાણ, વાયુ પુરાણ તથા યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, મનુસ્મૃતિ અને સ્વામિનારાયણ સંપ્રદાયના હરિલીલામૃત, શ્રીમત્ સત્સંગિજીવન, શ્રીહરિચરિત્રામૃતસાગર, શ્રીહરિચરિત્રમ્ જેવા અનેક સદ્‌ગ્રંથમાં ઉલ્લેખ થયેલ છે. શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા અનેક સંતો-ભક્તોએ આ વ્રત અનેક વાર કરેલ છે.

સર્વ પ્રકારના પાપનો નાશ કરનાર અને મોટા ફળને આપનાર આ ચાંદ્રાયણનું વ્રત નિજશરીરવિશુદ્ધિહેતોઃ પોતાના શરીરની વિશુદ્ધિને માટે કે પાપનું નિવારણ કરાવી પોતાના આત્માની શુદ્ધિને માટે અથવા તપઃપ્રિય પ્રભુની પ્રસન્નતાને માટે કરવાનું હોય છે. આ વ્રત કામોન્મૂલનકૃદ્‌વ્રતમ્ કામને મૂળમાંથી ઉખાડી નાખે એવું છે. વિષ્ણુપ્રીત્યૈ કૃતે ત્વસ્મિન્, પ્રાપ્નુયાદ્ધામ વૈષ્ણવમ્ ।। જો આ ચાંદ્રાયણ વ્રત કેવળ ભગવાનની પ્રસન્નતા માટે જ કરવામાં આવે તો એનાથી ભગવદ્ધામની પ્રાપ્તિ થાય છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના હૃદયસમા વડતાલધામમાં આગામી ૦૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ દરમ્યાન શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિ દેવોના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં દ્વિશતાબ્દી મહોત્સવ આવી રહ્યો છે. અને તેના ઉપક્રમે અનેક મંદિરો તથા સંસ્થાઓ દ્વારા અનેકવિધ આયોજનો થાય છે, તે પૈકી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી એક અનોખું આયોજન કરવામાં આવ્યું... 'ભજન ભેટ-૨'. આ નિમિત્તે અનેક સંતો-ભક્તોએ શ્રીહરિકૃષ્ણ મહારાજને રાજી કરવા અનેકવિધ તપના, ભજનના અને ત્યાગના નિયમો લીધા છે. આ નિયમો અંતર્ગત ભારતીય સંસ્કૃતિને ઉજાગર રાખનાર અને સનાતન ધર્મની શોભારૂપ એવું ચાંદ્રાયણ વ્રત ૮૫૦૦ ઉપરાંત ભક્તો કરી રહ્યા છે, ત્યારે તેમને શારીરિકથી માંડી આધ્યાત્મિક સુધીના ખૂબ ફાયદા થયા છે. પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ સવારની કથામાં વ્રતાર્થી હરિભક્તોને ચાંદ્રાયણ વ્રત વિષેના પોતાના

અનુભવો પૂછ્યા, ત્યારે કોઈના માન્યામાં ન આવે તેવા આ ચોંકાવનારા અનુભવોમાંથી એક અદ્‌ભુત તારણ બહાર આવ્યું છે. જેમના અનુભવ લીધા તેમાંથી આપણને પણ આમાંથી કાંઈક મળશે એ ભાવ સાથે અહીં નીચે માત્ર થોડા હરિભક્તોના પ્રેરણાદાયી અનુભવો નામ તથા ફોટા સાથે રજૂ કરેલ છે, પરંતુ લગભગ ૮૫૦૦ ઉપરાંત બધા ભક્તોને ચાંદ્રાયણ વ્રતથી ફાયદો થયેલ છે.



❖ **પ્રકાશભાઈ પરબતભાઈ ડબાસિયા-યુ.કે., ઉંમર : ૪૮ વર્ષ**

મારા પૂ.ગુરુજી સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ અને સંતોના બળે હું ૧૩ મહિનાથી આ ચાંદ્રાયણ વ્રત કરું છું. મને આ વ્રતથી ખૂબ જ ફાયદો થયો છે. પહેલા હું ૩-૫ જેટલા જ દંડવત કરી શકતો હતો, મને ઘૂંટણનો દુખાવો પણ હતો, થોડું ચાલુ ત્યાં થાકી જતો; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી આજે હું ૨૦-૨૫ દંડવત સરળતાથી કરી શકું છું, મારું વજન ૪૪ કિ.ગ્રા. જેટલું ઘટ્યું છે અને આજે હું ૪૫ થી ૫૦ કિ.મી. પણ ચાલી શકું છું.



❖ **ઘનશ્યામભાઈ રમણિકભાઈ ચૌહાણ - શિયાણી, ઉંમર : ૪૭ વર્ષ**

હું ચાંદ્રાયણ વ્રત પહેલા વધુ દંડવત કરી શકતો નહિ, ૧૦-૧૫ દંડવત કરવામાં પણ થાકી જતો; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી આજે હું એકસાથે ૩૦ થી ૩૫ દંડવત કરી શકું છું, છતાં કોઈ તકલીફ પડતી નથી.



❖ **હર્ષિલભાઈ સુધાકરભાઈ પાટીલ, ચોરવડ-મહારાષ્ટ્ર, ઉંમર : ૩૧ વર્ષ**

હું નોકરી ઉપરથી ઘેર આવીને તરત જ સૂઈ જતો, કારણ કે મને કમરનો દુખાવો ખૂબ રહેતો. વળી, ૨૦૦ મીટર પણ ચાલી શકતો નહિ, પરંતુ ચાંદ્રાયણના વ્રતથી આજે મને કમરનો દુખાવો સાવ મટી ગયો છે અને ૧૦ કિ.મી. ચાલી શકું એવું અનુભવાય છે. મારી પત્નીને ચા પીવાનું વ્યસન હતું અને ચા ન પીવે તો માથું દુખતું હતું, કોઈ વાતે તે ચા મૂકી શકતા નહિ; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી આજે તેમને ચાનું વ્યસન ગયું છે અને માથું પણ દુખતું નથી. મારા માતા નીચે બેસી શકતાં નહોતાં, જમવાનું પણ ટેબલ પર આપવું પડતું; પરંતુ આ વ્રતથી આજે તે સરળતાથી નીચે બેસી શકે છે.



❖ **ભાગવતભાઈ પાટીલ, ચોરવડ-મહારાષ્ટ્ર, ઉંમર : ૬૩ વર્ષ**

મારા શરીરમાં સુગરનું પ્રમાણ ૨૫૦ જેટલું રહેતું હતું. જેથી શરીરમાં મુશ્કેલી રહેતી, પરંતુ ચાંદ્રાયણના વ્રતથી મારું સુગર લેવલ ૧૦૩ થી ૧૦૫ જેટલું રહે છે અને શરીરમાં સારું અનુભવાય છે.



❖ **નીલભાઈ મનીષભાઈ ગોહેલ - કેનેડા, ઉંમર : ૨૬ વર્ષ**

મારા શરીરમાં યુરિક એસિડનું લેવલ વધારે રહેતું અને તેથી મને પગના પંજામાં ખૂબ દુખાવો રહેતો. હું સહન ન કરી શકું તેવું દુખતું હતું અને ક્યારેક તો દુખાવાના કારણે રાત્રે પણ દવાખાને જવું પડતું, વારંવાર દવાઓ લેતો પણ ફેર પડતો નહોતો; પરંતુ જ્યારથી મેં ચાંદ્રાયણ વ્રત શરૂ કર્યું ત્યારથી તે દુખાવો મટી ગયો છે અને મને ખૂબ સારું લાગે છે.



❖ **વનરાજભાઈ કરશનભાઈ ડોડિયા - સુરેન્દ્રનગર, ઉંમર : ૪૩ વર્ષ**

મને અને મારા પત્નીને ઘૂંટણનો તથા પીંડીનો દુખાવો એટલો બધો રહેતો કે રાત્રે ઊંઘ નહોતી આવતી. વળી, એસિડિટી બહુ રહેતી તથા ગેસનો પણ બહુ પ્રોબ્લેમ રહેતો;

પરંતુ ચાંદ્રાયણ વ્રતથી દુખાવો દૂર થયો છે, એસિડિટી થાતી નથી, ગેસનો પ્રોબ્લેમ દેખાતો નથી અને તરત ઊંઘ આવી જાય છે.



❖ **મિહિરભાઈ સુમનભાઈ પટેલ - યુ.એસ.એ., ઉંમર : ૪૫ વર્ષ**

હું દિવસ દરમ્યાન વારંવાર કાંઈ ને કાંઈ ખાતો રહેતો અને ખાવાના જ વિચાર આવતા, પરંતુ હવે ચાંદ્રાયણ વ્રતથી ખાવાના વિચારો બંધ થયા છે અને મન શાંત રહેવા લાગ્યું છે.



❖ **જીવરાજભાઈ ગણેશભાઈ વિરાણી - મુંબઈ, ઉંમર : ૬૬ વર્ષ**

મારા શરીરમાં ગેસનો પ્રોબ્લેમ બહુ હતો અને હાલવા-ચાલવામાં તથા થોડાં પણ પગથિયાં ચડવામાં શ્વાસ ચડતો, પરંતુ ચાંદ્રાયણ વ્રતથી ગેસનો પ્રોબ્લેમ દૂર થયો છે અને શ્વાસ પણ ચડતો નથી.



❖ **રાજેન્દ્રભાઈ જાદવભાઈ બુધેલિયા - અમરેલી, ઉંમર : ૬૦ વર્ષ**

મારું મન ભજન-સ્મરણમાં એકાગ્ર બનતું નહોતું, સતત સંકલ્પ-વિકલ્પ ચાલતા રહેતા; પરંતુ ચાંદ્રાયણ વ્રતથી મનની એકાગ્રતા વધી છે અને ભજન સારું થાય છે.



❖ **વનમાળીભાઈ દેવજીભાઈ ગાબાણી, સુરત-વેડરોડ, ઉંમર : ૭૩ વર્ષ**

મને ચાંદ્રાયણ પહેલા ૧૦૦ મીટર ચાલવામાં તથા ૫-૧૦ પગથિયાં ચડવામાં શ્વાસ ચડતો. તેથી હું શ્વાસ ન ચડે તેની દવા લેતો, પરંતુ આ વ્રતથી હવે દવા બંધ થઈ ગઈ છે. ૨૦૦ મીટર જેટલું ચાલવામાં તથા ૧૫-૨૦ પગથિયાં સરળતાથી ચડવામાં કોઈ પણ તકલીફ પડતી નથી.



❖ **ઈશ્વરભાઈ પ્રેમજીભાઈ સલિયા, સુરત-વેડરોડ, ઉંમર : ૫૯ વર્ષ**

મારા હાથ-પગની આંગળીઓમાં 'વા'ના કારણે સાંધાનો દુખાવો રહેતો, આંગળીઓમાં સોજા રહેતા, ક્યારેક તો હું મારા શર્ટનાં બટન પણ મારા હાથથી બંધ કરી શકતો નહિ; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી હવે દુખાવો ગાયબ થઈ ગયો છે ને મને ૯૯ % રાહત છે.



❖ **ડુંગરભાઈ લવજીભાઈ કેવડિયા - રોહિશાળા, ઉંમર : ૬૩ વર્ષ**

૩-૪ વર્ષથી મારો એક કાન ભારે-ભારે લાગતો અને તે કાનમાં તમરું બોલતું હોય તેવું લાગતું, પરંતુ ચાંદ્રાયણથી હવે કાન સાવ હળવો, બીજા કાન જેવો જ થઈ ગયો છે અને તમરું પણ બોલતું નથી.



❖ **રસીકભાઈ જાગાભાઈ દેસાઈ - અમરેલી, ઉંમર : ૬૭ વર્ષ**

મને પહેલા દાદર ચડવામાં શ્વાસ ચડતો. પગના ઘૂંટણનો દુખાવો હતો. હું જમીન પર નીચે બેસી શકતો નહિ, ખુરશી ઉપર બેસવું પડતું હતું. કમરના દુખાવાના કારણે વાંકું વળવામાં તકલીફ પડતી હતી; પરંતુ ચાંદ્રાયણ કર્યા પછી શ્વાસ ચડતો નથી, જમીન પર સરળતાથી બેસી શકું છું અને કમરનો દુખાવો બંધ થઈ ગયો છે.



❖ **પ્રભુદાસભાઈ મથુરભાઈ રાઠોડ - બોટાદ, ઉંમર : ૬૬ વર્ષ**

મને પહેલા ૧૦-૧૫ પગથિયાં ચડવામાં શ્વાસ ચડતો, કઠોડી જાલીને ચડવું પડતું. હાથ-પગ ભારે ભારે રહેતા અને દુખતા; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી હવે પગથિયાં સરળતાથી ચડી જવાય છે, શ્વાસ ચડતો નથી અને મારું આખું શરીર ફ્રી હોય તેવું લાગે છે.



❖ **અશ્વિનભાઈ ભનુભાઈ ઠુમ્મર, સુરત-વરાછા, ઉંમર : ૩૧ વર્ષ**

પહેલા હું અડધો કિ.મી. ચાલુ ત્યાં થાકી જાતો, હાંફી જાતો અને બે-ત્રણ માળના દાદર ચડવામાં પણ બેસી જાતો; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી હવે ૩-૪ કિ.મી. ચાલવામાં અને ૧૩ માળ સુધીના દાદર ચડવામાં પણ થાકતો નથી.



❖ **પ્રકાશભાઈ કાળુભાઈ રાઠોડ, સુરત-અમરોલી, ઉંમર : ૫૧ વર્ષ**

હું પહેલા કમરના દુખાવાના કારણે ૨-૩ દંડવત માંડમાંડ કરી શકતો, પરંતુ ચાંદ્રાયણ વ્રતથી હવે ૧૦-૧૫ દંડવત એકસાથે પણ કરી શકું છું અને છતાં દુખાવો થતો નથી.



❖ **બલવીરસિંહ વિજયસિંહ ગોહેલ - નડિયાદ, ઉંમર : ૧૫ વર્ષ**

પહેલા હું દિવસમાં ૪ વખત નાસ્તો કરતો અને ૨ વખત જમતો. મને ગેસ, એસિડિટી અને કબજિયાતનો પ્રોબ્લેમ રહેતો અને માત્ર ૧૨ મહિનામાં જ મારું ૧૧-૧૨ કિલો જેટલું વજન વધેલું; પરંતુ ચાંદ્રાયણના વ્રતથી હવે ગેસ, એસિડિટી અને કબજિયાતનો પ્રોબ્લેમ દૂર થયો છે અને વજન પણ ઘટ્યું છે.



❖ **અલ્પેશભાઈ જયંતીભાઈ ઢેબરિયા, સુરત-વેડરોડ, ઉંમર : ૩૮ વર્ષ**

દર મહિને મારા મિત્રો સાથે બહારનું ખાવામાં મારે આશરે ૧૫૦૦ થી ૨૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ થતો. ડાયાબીટીસ ૩૦૦ રહેતો, હાથ-પગ દુખતા અને આખો દિવસ આંખો ઘેરાયેલી રહેતી; પરંતુ ચાંદ્રાયણથી હવે મારે રૂપિયાની બચત થઈ છે. ૧૫ દિવસમાં ડાયાબીટીસ ૨૦૦ થઈ ગયો, દુખાવો બંધ થઈ ગયો ને શરીર સ્ફૂર્તિમાં રહેવા લાગ્યું છે.



❖ **અનિલભાઈ રમેશભાઈ હરિપરા - બોટાદ, ઉંમર : ૩૪ વર્ષ**

મને જુદું-જુદું અવનવું ખાવાથી નેગેટિવ અને અયોગ્ય વિચારો આવતા હતા, પરંતુ ચાંદ્રાયણના વ્રતથી હવે મને સારા અને સાત્ત્વિક વિચારો આવે છે.



❖ **કુંજભાઈ અરુણભાઈ વ્યાસ - વડોદરા, ઉંમર : ૧૭ વર્ષ**

હું સવારમાં ૯:૩૦ વાગ્યા પહેલા ગમે તેમ કરું પણ જાગી શકતો નહિ, પરંતુ ચાંદ્રાયણ પછી હું સવારમાં ૫:૩૦ વાગે જાગી જાઉં છું, કોઈ તકલીફ પડતી નથી. મારા પિતાને એસિડિટીના કારણે છાતીમાં બળતું, માથું દુખતું અને દવા લેવી પડતી; પરંતુ ચાંદ્રાયણથી એસિડીટી મટી ગઈ, માથું દુખતું બંધ થયું અને દવા પણ લેવી પડતી નથી.



❖ **હાર્દિકભાઈ પરસોત્તમભાઈ જાદવ - બરવાળા, ઉંમર : ૩૬ વર્ષ**

મને ચાંદ્રાયણ વ્રત પહેલા છાતીમાં દુખાવો રહેતો. જ્યારે દુખાવો થાય ત્યારે સૂઈ જવાનું મન થાતું. પછી મેં ઘણા રીપોર્ટ કરાવ્યા પણ તેમાં બધું નોર્મલ આવ્યું અને દુખાવો મટ્યો નહિ; પરંતુ જ્યારથી મેં ચાંદ્રાયણ વ્રત શરૂ કર્યું ત્યારથી મારો છાતીનો દુખાવો મટી ગયો છે.



❖ **ગૌરવભાઈ જીતેશભાઈ માણિયા, સુરત-વેડરોડ, ઉંમર : ૧૭ વર્ષ**

ચાંદ્રાયણ પહેલા હું કોલેજમાં ચાર માળ ચડવામાં પણ થાકી જાતો, પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી હવે હું સરળતાથી તે ચડી જાવ છું, થાક લાગતો નથી અને શરીર સ્ફૂર્તિમાં રહે છે.



❖ **ધનસુખભાઈ લાલજીભાઈ સુહાગિયા, સુરત-વરાછા, ઉંમર : ૪૧ વર્ષ**

મારે ચાંદ્રાયણ પહેલા સમયસર પેટ સાફ થતું નહોતું, પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી સરળતાથી પેટ સાફ થઈ જાય છે ને બહુ મજા આવે છે.



### ❖ મિલનભાઈ ધર્મેન્દ્રભાઈ પટેલ - યુ.કે., ઉંમર : ૩૧ વર્ષ

મને બેક-પેઇનનો પ્રોબ્લેમ હતો. એક જગ્યાએ બેસી શકતો નહી, પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી બેક-પેઇનનો દુખાવો મટી ગયો છે અને એક જગ્યાએ ઝાઝો સમય બેસી શકું છું.



### ❖ ધાર્મિકભાઈ જયેશભાઈ પટેલ - ગોધરા, ઉંમર : ૨૬ વર્ષ

મારે ચાંદ્રાયણ પહેલા સમયસર જાગી શકાતું નહિ, દંડવત માંડ ૫-૬ થાતા; પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી સમયસર જાગી જાઉં છું અને એકસાથે ૨૫ જેટલા દંડવત સરળતાથી થઇ શકે છે.



### ❖ સવજીભાઈ જેરામભાઈ ગઢિયા - યુ.એસ.એ., ઉંમર : ૭૧ વર્ષ

મારું વજન ૧૦૩ કિલો હતું. ડોકનો દુખાવો રહેતો તથા મારા પત્નીને હાથમાં ખાલી ચડતી હતી. અમોએ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી મારું વજન ૯૦ કિલો થયું ને ડોકનો દુખાવો બંધ થયો છે અને શરીર હળવુંફૂલ જેવું લાગે છે. મારા પત્નીને હાથમાં ખાલી ચડતી હતી તે પણ બંધ થઈ છે.



### ❖ ઘનશ્યામભાઈ મોહનભાઈ પટેલ - કેનેડા, ઉંમર : ૨૮ વર્ષ

મારા પિતાને ચા પીવાનું વ્યસન હતું. આખા દિવસમાં બે વાર ચા પીવી પડતી હતી અને ન પીવે તો માથું દુખતું હતું. ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી ચા સાંભરતી નથી અને માથું પણ દુખતું નથી.



### ❖ ભાવિકભાઈ ભરતભાઈ કંસારા - ભરૂચ, ઉંમર : ૪૧ વર્ષ

મારે ચાંદ્રાયણ પહેલા ઉપવાસ દરમ્યાન માથું દુખતું અને આળસ બહુ થતી, પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી માથું દુખતું બંધ થયું, સવારમાં વહેલા ઊઠી જવાય છે અને આળસ થાતી નથી.




### ❖ રાહુલભાઈ જયેશભાઈ ડોબિયા - અમદાવાદ, ઉંમર : ૩૨ વર્ષ

મારે ચાંદ્રાયણ પહેલા એકસાથે પાંચ દંડવત કરવામાં પણ શ્વાસ ચડતો, મુશ્કેલી પડતી; વધારે દંડવત કરી શકતો નહિ, પરંતુ ચાંદ્રાયણ વ્રત ચાલુ કર્યા પછી હવે ૨૦ દંડવત એકસાથે સરળતાથી થઇ શકે છે ને તેમ છતાં શ્વાસ ચડતો નથી.



### ❖ ઘનશ્યામભાઈ જયનારાયણભાઈ શાહ - ઇન્દોર, ઉંમર : ૬૮ વર્ષ

મારા પત્ની ચાંદ્રાયણ વ્રત કરે છે. તેમનું વજન ૧૦૧ કિલો હતું તે ઘટીને ૯૫ કિલો થયું છે અને તેઓ પહેલા એક માળ ચડવામાં પણ હાંફી જતા, શ્વાસ ચડતો; પરંતુ ચાંદ્રાયણ વ્રત પછી તેઓ ત્રણ માળ સરળતાથી ચડી જાય છે અને છતાં શ્વાસ ચડતો નથી.



### ❖ ધનજીભાઈ કુબેરભાઈ રામાણી - છતરિયાળા, ઉંમર : ૭૯ વર્ષ

મને છેલ્લા ૫-૬ વર્ષથી રાત્રે એકધારી નીંદર નહોતી આવતી, અડધો કલાક કે કલાકમાં જાગી જાતો; પરંતુ ચાંદ્રાયણ વ્રત પછી એકધારી નીંદર આવે છે.



### ❖ ધનજીભાઈ જીવાભાઈ વેકરિયા, સુરત-વરાછા, ઉંમર : ૬૩ વર્ષ

મને ૩૦૦ થી ૩૫૦ જેટલો ડાયાબીટીસ રહેતો હતો, પરંતુ ચાંદ્રાયણ વ્રત પછી તે ૧૩૦ની આજુબાજુ જ રહે છે અને મને ખૂબ સારું અનુભવાય છે. ●●●



# હાર્દિક શુભેચ્છા



દક્ષિણ દેશ શ્રીલક્ષ્મીનારાયણ દેવ વડતાલ ગાદીના વિદ્યમાન
આચાર્ય **પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી**
**મહારાજના ૫૮મા જન્મદિન** નિમિત્તે
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ તથા
તેમના સમગ્ર સંતમંડળ તેમજ સર્વ
હરિભક્તો વતી હાર્દિક શુભેચ્છા....

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીજયંતિભાઈ બચુભાઈ વેકરિયા-દેતડ



અમરેલી જિલ્લાના દેતડ ગામમાં રહેતા પ.ભ.શ્રીજયંતિભાઈ બચુભાઈ વેકરિયા તા.૦૫/૦૮/૨૦૨૪ના રોજ ૬૪ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. જયંતિભાઈ શૂરવીર, નિષ્ઠાવાન સત્સંગી હતા. વળી તેઓ સત્સંગનો પક્ષ ખૂબ રાખતા. જયંતિભાઈ નિયમિતપણે કુંડળધામથી થતી સવારની કથા તેમજ રવિસભાનો લાભ લેતા. તેમને રોજ બે કલાક ધૂન કરવાનો નિયમ હતો. તેમનો આખો પરિવાર સત્સંગી છે. આવા જયંતિભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની સેવામાં રાખી, પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ પરિવારજનોને તેમનો વિયોગ સહન કરવાનું તથા તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● સંતોનું સત્સંગ વિચરણ

શ્રીહરિની આજ્ઞાથી નંદપંક્તિના સંતોએ ગામડે ગામડે વિચરણ કરી કેટલાય પામર અને મુમુક્ષુ જીવોને ભગવાન પામવાના માર્ગે ચડાવ્યા હતા. તે પાવન પરંપરા અનુસાર પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી તા.૨૩/૦૭/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૦૨૪ દરમિયાન કુલ ૩૯ દિવસ સુધી આપણા સંતમંડળનાં કુલ સાત મંડળો સત્સંગ વિચરણમાં ગયાં હતાં. જ્યાં નદી, તળાવ કે કૂવાનું પાણી હોય ત્યાં આસપાસની ધરતી લીલી રહે, તેમ જ્યાં સંતોનું વિચરણ થાય ત્યાં સત્સંગરૂપી બાગ નવપલ્લવિત રહે. તેથી જ નંદસંતોથી આરંભીને આજદિનપર્યંત પરોપકારી સંતો અનેક જીવના કલ્યાણ માટે કષ્ટ વેઠીને પણ ગામડે ગામડે, શહેરે શહેરે સત્સંગ વિચરણ કરતા રહ્યા છે. પૂ.સંતોના વિચરણથી દૂર-સુદૂર ગામડાંઓમાં અને શહેરોમાં રહેતા ભક્તોના ઘરે પધરામણી તથા પર્સનલ ગોષ્ઠી, કથા-વાર્તા દ્વારા અનેક ભાવિક ભક્તોની ભાવનાઓ પૂરી થઈ હતી.

સૌ ભક્તજનોમાં શ્રીહરિ સ્થાપિત એકાંતિક ધર્મની પુષ્ટિ થાય, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય, મહિમા-નિષ્ઠામાં વધારો થાય; તે માટે પરસ્પર સંપ, સુહૃદભાવ, આત્મીયભાવ અને દિવ્યભાવની દૃઢતા થાય તેવા હેતુથી પૂ.સંતોએ ગામડે-ગામડે શહેરે-શહેરે સત્સંગ-સભા, વન-ડે પિકનીક, રવિસભા જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા સૌને ખૂબ આનંદ આપ્યો હતો. આ રીતે પૂ.સંતોનું સત્સંગ વિચરણ ભક્તજનોને માટે ખૂબ જ ઉત્સાહ, ઉમંગ, આનંદવર્ધક અને દિવ્યતાસભર બની રહ્યું હતું.

## ● પદયાત્રા : કુંડળધામથી ગઢપુરધામ

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણા અને આશીર્વાદથી તા.૧૮ અને ૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ શ્રાવણ સુદ-૧૪, ૧૫ રક્ષાબંધન પર્વ દરમિયાન કુંડળધામથી ગઢપુરધામ સુધીની પાવનકારી પદયાત્રાનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું.

વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજને રાજી કરવા માટે દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે વહાલા મહારાજને ભજનભેટ અર્પણ કરવાના હેતુથી હજારો આબાલ-વૃદ્ધ ભાઈઓ-બહેનો અદમ્ય શ્રદ્ધા, ઉમંગ અને ઉત્સાહથી આ પદયાત્રામાં જોડાયાં હતાં.

આ પાવનકારી પદયાત્રાના પ્રારંભમાં શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામના પ્રાંગણમાં દિવ્ય-ભવ્ય શણગારાયેલ ત્રણ રથમાં વહાલા શ્રીહરિજી મહારાજનાં ત્રણ સ્વરૂપો : ગજગતિ ચાલ ચાલતા શ્રીસ્વામિનારાયણ ભગવાન, રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન અને વહાલા શ્રીનીલકંઠવર્ણીજી તમામ પદયાત્રીઓ સાથે યાત્રામાં જોડાવા સજ્જ થઈને વિરાજમાન હતા. પૂ.ગુરુજીએ પોતાના સેવનીય સ્વરૂપ હેતાળા હરિવર વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજને રથમાં પધરાવીને રથમાં વિરાજિત ત્રણેય મહારાજનું તમામ પદયાત્રીઓ વતી પૂજન-અર્ચન કરી વધામણાં કર્યાં હતાં. આ પ્રસંગે પૂ.ગુરુજી, પૂ.મુનિબાપા અને પૂ.ભાવિલા સ્વામીએ સૌ પદયાત્રીઓને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ પૂ.ગુરુજીની સાથે રહીને પૂ.મુનિબાપા, પૂ.ભાવિલા સ્વામી, પૂ.હેતાળુ સ્વામી અને પૂ.નિર્મળદાસજી સ્વામીએ રથમાં બિરાજિત શ્રીહરિજી મહારાજની આરતી ઉતારી હતી. અંતમાં પૂ.મુનિબાપા અને પૂ.ભાવિલા સ્વામીએ ધ્વજ ફરકાવી પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પદયાત્રામાં સેવા પૂરતા જૂજ સંતો જ કુંડળધામ રોકાયા હતા. તે સિવાયના તમામ સંતો તેમજ ૪૦૦૦ જેટલા આબાલ-વૃદ્ધ ભાઈઓ-બહેનો પૂ.ગુરુજીની સાથે આ પાવનકારી પદયાત્રામાં જોડાયાં હતાં. પૂ.ગુરુજીએ પદયાત્રીઓને યાત્રામાં સુખ રહે તે માટે ઠંડુ પાણી, લીંબુ શરબત અને છાશનું અવિરત વિતરણ ચાલુ રખાવ્યું હતું. સાથે સાથે એમ્બ્યુલન્સ તથા અન્ય વાહનોની સગવડ, સમયાંતરે ૩૦ મિનિટનો વિરામ, ડી.જે.સાઉન્ડના સથવારે અખંડ ધૂન, તાપ-તડકા કે વરસાદથી બચવા છત્રી, રેઇનકોટ અને વળી ટોપીની સવિશેષ વ્યવસ્થા કરાવી કરુણા વરસાવી હતી.

આ એક એવી અનોખી પદયાત્રા હતી કે જેમાં તમામ પદયાત્રીઓના મુખમાં હરિસ્મરણ-હરિરટણ અવિરત ચાલુ જ હતું. વળી, ઠેકઠેકાણે ભાવિક ભક્તજનોએ પદયાત્રાને અને વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતોને વધાવી દર્શનનો અનુપમ લાભ લીધો હતો. પદયાત્રા દરમિયાન માર્ગમાં સમયાંતરે પૂ.ગુરુજી સૌને હિંમત અને બળ પ્રેરી ઉત્સાહ, ઉમંગ અને શ્રદ્ધા વધારતા, સૌની ખબર-અંતર પૂછતા, અંતરનો રાજીપો આપતા થકા અમીદૃષ્ટિ વરસાવતા સાથે સાથે ચાલતા હતા.

તા.૧૮/૮/૨૪ના રોજ બપોરે પ.પૂ.શા. શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી-અથાણાવાળા આ પદયાત્રામાં ખાંભડાથી જોડાયા હતા. પદયાત્રા સારંગપુર પહોંચી ત્યારે મંદિરના કોઠારી પ.પૂ.શ્રીવિવેકસાગરદાસજી સ્વામી-અથાણાવાળા તેમજ સંતોએ તમામ પદયાત્રીઓનું ભવ્ય સ્વાગત કર્યું. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાન અને હનુમાનજી દાદાનાં દર્શન કરી તમામ ભક્તોએ ત્યાં જ ભોજન અને આરામ કર્યો. ત્યારબાદ બપોર પછી પદયાત્રા આગળ વધી. સાંજે બોટાદ શ્રીસ્વામિનારાયણ મંદિરે પહોંચી. ત્યાં પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારના સંતોએ પૂ.ગુરુજી તથા પદયાત્રીઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ સંધ્યા આરતીનો લાભ લઈ સૌ યાત્રાળુઓ બોટાદ સત્સંગ બાગે પહોંચ્યા અને ત્યાં જ ભોજન કરી અમુક ભક્તોએ શ્રીસ્વા. મંદિર કુંડળધામમાં તથા અમુક ભક્તોએ સાળંગપુરમાં આરામ કર્યો.

બીજા દિવસે તા.૧૯/૮/૨૪ના રોજ સવારે બોટાદ સત્સંગ બાગે સભાનું આયોજન થયું હતું. સભા બાદ પદયાત્રાનો આરંભ થયો. બપોરે પદયાત્રા ટાટમ ગુરુકુલે પહોંચી. પ.પૂ.સદ્.શ્રીસ્વયંપ્રકાશદાસજી સ્વામી તેમજ સંતોએ પદયાત્રીઓનું સ્વાગત-પૂજન કર્યું. અને ત્યાં જ તમામ સંતો-ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી આરામ કર્યો. બપોર પછી 3:00 વાગ્યે ટાટમ ગુરુકુળથી પદયાત્રાનો પુન: પ્રારંભ થયો. પ.પૂ.સદ્.શ્રીભાનુપ્રકાશદાસજી સ્વામી-ગઢડા શિક્ષાપત્રી મંદિરે પદયાત્રીઓના સ્વાગત માટે પધાર્યા હતા. તેમજ પ.પૂ.સદ્. શા.શ્રીભક્તિપ્રિયદાસજી સ્વામી(ઘેલાકાંઠા)એ તમામ પદયાત્રીઓનું સ્વાગત-પૂજન કર્યું હતું. ત્યારબાદ સાંજે ૫:૪૫ કલાકે સમગ્ર પદયાત્રા ગઢપુરધામમાં શ્રીગોપીનાથજી મહારાજના દરબારમાં પહોંચી. જ્યાં નિજ મંદિરમાં વિરાજમાન સૌ દેવોનાં તેમજ દરબારગઢ અને અક્ષરઓરડીનાં પૂ.ગુરુજી સહિત સમગ્ર સંતમંડળ અને પદયાત્રીઓ દર્શન કરી પાવન બન્યા હતા.

અંતમાં શ્રીગોપીનાથજી મહારાજના ખોળે પ્રાંગણમાં સભાનું આયોજન થયું હતું. પ.પૂ.શ્રીહરિજીવનદાસજી સ્વામી-ચેરમેનશ્રી ગઢપુરધામ તેમજ વરિષ્ઠ સંતોએ ઉપસ્થિત રહી પૂ.ગુરુજી અને સમગ્ર પદયાત્રીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. અંતમાં પ.પૂ.ગુરુજીએ સૌ પદયાત્રીઓને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. સદ્.શ્રીભાનુપ્રકાશદાસજી સ્વામીએ પદયાત્રીઓ માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરાવી હતી. સભાના અંતે ગઢપુરધામની આજુબાજુના ભક્તોએ ત્યાં જ પ્રસાદ લીધો. અને તે સિવાયના સૌ સંતો-ભક્તો કુંડળધામમાં પ્રસાદ લઈ પદયાત્રાના સંસ્મરણોને યાદ કરતાં કરતાં છૂટા પડ્યા હતા.

## સાળંગપુરધામ












## બોટાદધામ



































ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજના આંગણે પદયાત્રાર્થીઓની ભવ્ય સ્વાગત સભા



